# આઈઆઈટી ગાંધીનગરના પ્રો. વિક્રમ જૈનને પ્રતિષ્ઠિત નેશનલ જીઓ સાયન્સ એવોર્ડ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ખાતે જીઓ સાયન્સ ક્ષેત્રે કાર્યરત પ્રાધ્યાપક પ્રો. વિક્રમ જૈનને રાષ્ટ્રીય જીઓ સાયન્સ એવોર્ડ ૨૦૧૮થી નવાજવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારના ખાણ ખનીજ વિભાગ દ્વારા તેમને 'નદીઓના વિજ્ઞાન અને પૃથ્વીની સપાટી પરની પ્રક્રિયા' વિષયે તેના યોગદાન બદલ આ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે.

ભારતના ખાણ ખનીજ વિભાગ દ્વારા જીઓ સાયન્ટિસ્ટ



ઈજનેરો, ટેકનોલોજીસ્ટો તથા શિક્ષણ વિદોને પ્રતિષ્ઠિત જીઓ સાયન્સ એવોર્ડસ દ્વારા સન્માનવામાં આવે છે. આઈઆઈટી ગાંધીનગરના પ્રો. વિક્રમ જૈનનું નદીઓના વિજ્ઞાન બાબતે સંશોધન કાર્યમાં અત્યંત મહત્વનું યોગદાન રહ્યું છે જેને અનુલક્ષીને તેમને આ પ્રતિષ્ઠિત એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે. પ્રો. જૈનના મને 'નદીઓનું વિજ્ઞાન જીઓ સાયન્સ સંશોધન ક્ષેત્રે વિકસતું વિજ્ઞાન છે અને આ એવોર્ડ મારી રિસર્ચ લેબોરેટરીમાં આ ક્ષેત્રે થયેલા મહત્વપૂર્ણ પદાર્પણને આભારી છે.'

**Title:** Prestigious National Geoscience Award to IITGN Prof Vikrant Jain
**Source:** Gandhinagar Samachar (Pg. No. 02)
**Link:** https://www.gandhinagarsamachar.com/wp-content/epaper/feb2019/07022019-2.pdf
**Date:** 07-02-2019